


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. એપ્રિલ ૧૫, ૨૦૨૧ • ચૈત્ર સુદ ૩, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI), Govt. of Gujarat



**Shri V. K. Jadav**
Director
GSNRGF

## રાજ્ય સરકાર 'કોવિડ -૧૯'ની વૃદ્ધિના નિયંત્રણ માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે :- મુખ્યમંત્રીશ્રી

ગુજરાતમાં કોરોનાના બીજા વેવમાં કેસોમાં ઉછાળાને પગલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર 'કોવિડ -૧૯'ની વૃદ્ધિના નિયંત્રણ માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે અને કોરોના દર્દીઓની સારવાર માટે છેલ્લા ૧૦ દિવસમાં ૧૫૦૦૦ નવા બેડ બનાવ્યા છે. ગુજરાત સરકારે ૧૨મી એપ્રિલે મોડી સાંજે બહાર પાડેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે લગ્ન સમારોહ કે પછી ખુલ્લી જગ્યામાં કોઈપણ કારણોસર ૫૦થી વધુ જણ એકત્રિત થઈ શકશે નહિ. ૧૪મી એપ્રિલથી આ નિયમ લાગુ પડશે. રાત્રિ કરફ્યુ દરમિયાન લગ્ન સમારોહ યોજી શકાશે નહિ. મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયામાં પણ ૫૦થી વધારે વ્યક્તિને એકત્રિત કરી શકાશે નહિ. જાહેરમાં રાજકીય, સામાજિક, ધાર્મિક કાર્યક્રમો યોજવા, સત્કાર સમારોહ યોજવા કે અન્ય મેળાવડાઓ યોજવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ગુજરાતના તમામ વિસ્તારોની ખાનગી ઓફિસોમાં પણ એક સમયે ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ હાજર રહી શકશે નહિ. કોરોનાનું સંક્રમણ વધતું અટકાવવા માટે ખાનગી ઓફિસોએ પણ તેમના કર્મચારીઓને એકાંતરે હાજર રહેવાની સૂચના આપવી પડશે. બીજી તરફ ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે એપ્રિલ અને મે મહિના દરમિયાન ધર્મસ્થાનકોને બંધ રાખવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દરેક ધર્મના વડાઓને અનુરોધ કર્યો હતો. આ સાથે જ દરેક ધર્મના તહેવારોની જાહેર ઉજવણી પર એપ્રિલ અને મે મહિના માટે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. લોકોના જાહેરમાં એકત્રિત થવા પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. લોકો આસ્થા મુજબ ઘરમાં જ તહેવારોની ઉજવણી કરે તેમ મુખ્યમંત્રીએ જાહેર કર્યું હતું. (Source : www.gujaratsamachar.com)

## સિંગાપોરના હાઇકમિશનર સાથે મુખ્યમંત્રીશ્રીની મુલાકાત




મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની શુભેચ્છા મુલાકાત સિંગાપોરના હાઇકમિશનર શ્રી સિમોન વોંગ અને ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં લીધી હતી. આ પ્રતિનિધિમંડળ એપ્રિલ-૨૦૨૧ માસના અંતમાં ગુજરાતના ગિફ્ટ સિટીમાં સિંગાપોર સ્ટોક એકસચેન્જની કચેરી કાર્યરત કરવાના અંતિમ તબક્કાની તૈયારીઓ માટે ગુજરાત આવેલું છે. મુખ્યમંત્રીશ્રીએ આ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથેની વાતચીતમાં સિંગાપોર અને દુબઇની તર્જ પર ગિફ્ટ સિટીને વર્લ્ડ કલાસ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન ફોર ફાયનાન્સિયલ એન્ડ ટેકનોલોજી કંપનીઝની સ્થાપના માટે વિકસીત કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. (Source : https://cmogujarat.gov.in)





**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## અમેરિકાના નોર્થ એટલાન્ટામાં વસતા ગુજરાતીઓ દ્વારા દિવ્યાંગો માટે દાન એકત્ર કરાયું




ટીપે ટીપે સરોવર ભરાય તે કહેવતને યુ.એસ.ના એટલાન્ટા જ્યોર્જિયામાં ગુજરાતી કલ્ચરલ એસોસિએશન ઓફ નોર્થ એટલાન્ટા (GCANA)ના યુવાનોએ સાચી પુરવાર કરી બતાવી છે. સમર કેમ્પના શિબિરાર્થીઓએ પોતાનું ઉનાળુ વેકેશન વધુ સારી સેવાઓ આપવા માટે સમર્પિત કરવાનું નક્કી કર્યું. 'સેવા પ્રોજેક્ટ' દ્વારા તેમના સાહસથી તેમણે અંદાજે ૧.૩૪ કરોડ રૂપિયા એકત્ર કરી બતાવ્યા હતા જે આગામી દિવસોમાં જુદા જુદા દિવ્યાંગ લોકોના લાભાર્થે આયોજિત શિબિરો માટે મફત પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ પ્રદાન કરવામાં વપરાશે. ઉલ્લેખનીય છે કે જ્યોર્જિયામાં આવેલા આ એસોસિએશનના ઉપક્રમે દર વર્ષે સેવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે જેના દ્વારા એકત્ર થતું ફંડ ચેરિટી માટે વાપરવામાં આવે છે.

(Source : www.akilanews.com)

## અમેરિકામાં ગુજરાતીઓ દ્વારા હોળીની ઉજવણી



અમેરિકાના ઓરેન્જ સિટીના એનહાઈમમાં ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી અને ગાયત્રી મંદિર પરિવારના સંયુક્ત ઉપક્રમે હોળી ઉત્સવ કોવિડ ગાઈડલાઈન અનુસાર ઉજવવામાં આવ્યો હતો. ગાયત્રી મંદિરના ખુલ્લા ચોગાનમાં સાંજ ઢળતા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજન વિધિ કરી હોળી પ્રગટાવવામાં આવી હતી જેમાં લોસ એન્જલસ, ઓરેન્જ કાઉન્ટી અને આસપાસ રહેતા અનેક ગુજરાતી પરિવારોએ ભાગ લીધો હતો. ગાયત્રી મંત્રના મંત્રોચ્ચાર સાથે પુજન સામગ્રી હોળીમાં હોમવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ભોજન બાદ વેક્સિનેશન માટે અપીલ કરાઈ હતી. (Source : www.divyabhaskar.co.in)

## જેસલ પટેલ ચૂંટણી જીતી ઇલિનોઇસના લિંકનવુડ વિલેજના પ્રમુખ બન્યા



અમેરિકાના ઇલિનોઇસમાં આવેલા લિંકનવુડ કાઉન્ટીના પ્રમુખની ચૂંટણી ૬ એપ્રિલ ૨૦૨૧ના રોજ યોજાઈ હતી જેમાં લિંકનવુડ એલાયન્સ પાર્ટીના ટ્રસ્ટી ઇન્ડિયન અમેરિકન શ્રી જેસલ પટેલ વિજયી બન્યા છે. તેમણે ૫૧.૩૬ ટકા એટલે કે ૧૨૬૮ મતો મેળવ્યા હતા. જ્યારે તેમના પ્રતિસ્પર્ધી અને સાથી ટ્રસ્ટી ઈન્ડિપેન્ડન્ટ જ્યોર્જિયન હ્રેપ્સ નિકલને ૪૮.૬૪ ટકા એટલે કે ૧૨૦૧ મત મળ્યા હતા. શ્રી પટેલ રિયલ એસ્ટેટ વ્યવસાય સાથે જોડાયેલા છે અને છેલ્લા ૪૦ વર્ષથી ઇલિનોઇસના લિંકનવુડમાં સ્થાયી થયેલા છે.

(Source : www.akilanews.com)

## છત્તીસગઢ સકળ ગુજરાતી સમાજના સહયોગથી રસીકરણ શિબિર યોજાયો



બુધપરા દશેરા ઉત્સવ સમિતિ દ્વારા કાઉન્સિલર ડૉ. સીમા મુકેશ કંદોઇના વિશેષ સહયોગથી રાયપુરમાં રસીકરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી છત્તીસગઢ સકલ ગુજરાતી સમાજ અને રાયપુર બ્રાઇટ ફાઉન્ડેશન મુખ્ય સહયોગીઓ હતા. બુધપરાની કન્યા શાળામાં યોજાયેલ આ શિબિરમાં ૧૦૩ વર્ષના માજીએ તેમની ૬૭ વર્ષીય વહુ સાથે કોરોના રસી લીધી હતી. ઉપરાંત લોકોને રસી લેવા અપીલ પણ કરી હતી. (Source : www.aajkijandhara.com)

## કોમનવેલ્થ આંત્રપ્રિન્યોર્સ એસો.ના પ્રમુખ તરીકે ચિરંજીવ પટેલ નિમાયા



ભારત સરકારની એક મહત્વની એજન્સી આર્થિક સંસ્થા અને વેપાર, રોજગારી તેમજ આર્થિક તકો પૂરી પાડવા માટે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત કોમનવેલ્થ આંત્રપ્રિન્યોર્સ એસોસિએશનના પ્રમુખ તરીકે અમદાવાદના જાણીતા આંત્રપ્રિન્યોર ચિરંજીવ પટેલની નિમણૂંક થઈ છે. કોમનવેલ્થ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે જાણીતી આ સંસ્થા ૨૦ વર્ષોથી કાર્યરત છે. સમગ્ર વિશ્વના વિવિધ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૦૦૦ સભ્યોનું નેટવર્ક ધરાવે છે. આ સંગઠનમાં માત્ર વેપાર અને ઉદ્યોગ જ નહીં પણ ટેકનોલોજી, શિક્ષણ વગેરે જેવા ક્ષેત્રોના પ્રતિનિધિઓ પણ જોડાયેલા છે. ચિરંજીવ પટેલ સ્પોર્ટ્સ ક્લબ, ઇન્ડો કેનેડા બિઝનેસ ચેમ્બર જેવી સંસ્થાઓની આગેવાની પણ લઈ ચૂક્યા છે. (સંદર્ભ: નવગુજરાત સમય, તા. ૨.૪.૨૦૨૧)

## ગુજરાતના નીતાબા ડેન્માર્કની મહિલા ક્રિકેટ ટીમમાં

મૂળ જૂનાગઢના વતની અને અમદાવાદમાં પોતાની શૈક્ષણિક કારકિર્દી બનાવીને વધુ અભ્યાસ માટે ડેન્માર્ક ગયેલા નીતાબા પરમારને નાનપણથી જ ક્રિકેટ અને કરાટેમાં રસ હતો. ડેન્માર્કમાં તેઓ ડાલગાર્ડમાં રહે છે અને ડેનીસ ભાષામાં સ્પોર્ટ્સ વિષય પર અભ્યાસ કરી રહ્યાં છે. ડેન્માર્કમાં તેમણે અભ્યાસની સાથે ક્રિકેટના પોતાના શોખને જાળવી રાખ્યો અને ડેન્માર્કમાં મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવા ફંડની ફાળવણી થતાં ક્રિકેટ ટીમની રચના કરાઇ જેમાં નીતાબા ડેન્માર્કની મહિલા ક્રિકેટ ટીમમાં ઓલરાઉન્ડર તરીકે રમવા મેદાનમાં ઉતરશે.

(Source : www.gujarat-samachar.com)



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન

અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.



## ગુજરાતી સમાજ ભવન: ગુજરાત બહાર, ગુજરાતનું નિર્માણ

ભારતભરમાં ગુજરાતી સમાજ ભવન નિમાર્ણના કાર્યને પ્રોત્સાહન આપવાનો ગુજરાત સરકારનો ઉદ્દેશ છે. ગુજરાતી સમાજ ભવન દ્વારા ગુજરાતી સમુદાય પરસ્પર ગુજરાતી તરીકે પોતાના મૂળ સાથે જોડાયેલા રહે, એકબીજાને મદદરૂપ થાય તથા જે તે રાજ્યમાં જતા ગુજરાતી પ્રવાસીઓને ગુજરાતી માહોલ મળી રહે તેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી સમાજ ભવનનું નિર્માણ તથા તેના સમારકામ માટે અન્ય રાજ્યોમાં આવેલા ગુજરાતી સમાજોને નાણાંકીય સહાય આપવા અંગેની યોજના અમલમાં મુકેલ છે. અત્યાર સુધીમાં ૧૬ જેટલા શહેરોના ગુજરાતી સમાજોએ આ સહાયનો લાભ લીધેલ છે.



## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો

બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.







## LEGAL AND FINANCIAL ASSISTANCE TO INDIAN WOMEN DESERTED BY THEIR OVERSEAS INDIAN SPOUSES

### હેતુ

ભારત સરકાર દ્વારા ભારતીય મહિલાઓને વિદેશમાં વસતાં ભારતીય અથવા વિદેશી પતિ સાથે લગ્નમાં થયેલ છેતરપીંડીના સંદર્ભે વિદેશી ધરતી પર છુટાછેડા લેવા જેવી કાનુની સેવા લેવા અંગે પરામર્શ કે કાનુની પ્રક્રીયા કરવા માટે જરૂરીયાતમંદ ભારતીય મહિલાને સહાય આપવાની આ યોજના છે. જેથી વિદેશી ધરતી પર ભારતીય મહિલાઓને મદદ મળી રહે.

### યોજનાનો લાભ કોને મળે છે?

આ યોજનાઓ લાભ વિદેશી ધરતી પર વિદેશમાં વસતાં ભારતીય અથવા વિદેશી પતિ સાથે લગ્નમાં થયેલ છેતરપીંડીના સંદર્ભે ભારતીય મહિલાઓને કાનુની સેવા લેવા માટે મળે છે.

### યોજનાનો લાભ કોના દ્વારા મળે છે?

વિદેશી ધરતી પર મહિલાઓ માટે કામ કરતી NGO મારફતે મળે છે જેમાં વિકસિત દેશોમાં ૩૦૦૦$ US તથા વિકાસશીલ દેશોમાં ૨૦૦૦ $ US જેટલી સહાય છુટાછેડા લેવા જેવી/કેસ ફાઇલ કરવા જેવી કાનુની સેવાઓ માટે મળે છે. આ યોજનાનો લાભ આપવા ઇચ્છતી એજન્સીએ ભારત સરકારનાં વિદેશ મંત્રાલયમાં અરજી કરવાની હોય છે અને તેઓની અરજીનો સ્વીકાર થતાં ભારત સરકારના વિદેશ મંત્રાલયની યોજનામાં તેઓનો સમાવેશ કરવામાં આવે છે.

### યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી?

ભારતીય મિશન/પોસ્ટ્સ એબ્રોડ

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લોગ ઓન કરો :**
http://www.mea.gov.in/legal-and-financial-assistance.htm

## ગામમાં સુવિધાઓ ઊભી થાય તે માટેની 'માદરે વતન' યોજના

દેશ દુનિયામાં વસતા ગુજરાતીઓ પોતાના ગામ માટે કંઇ કરવાની ઇચ્છા પુરી કરી શકે અને તેમના દાન મારફતે ગામમાં સુવિધાઓ ઉભી થાય તે માટે રાજ્ય સરકારે બજેટમાં જાહેર કરેલી માદરે વતન યોજનાનો અમલ શરૂ કરાયો છે. આ યોજના હેઠળ દાતાઓ કામના કુલ ખર્ચના 50 ટકા રકમ આપશે તો તેમની તકતી મૂકાશે. બાકીની રકમ રાજ્ય સરકાર ઉઠાવશે.

આ યોજના હેઠળ ગામમાં પાકા રોડ, ચોરો, પંચાયત ઘર, સ્કૂલ, સ્કૂલના ઓરડા, સ્માર્ટ ક્લાસ, પીવાના પાણીની સુવિધા, એસટી પીકઅપ સ્ટેન્ડ, સ્મશાન ગૃહ કે કબ્રસ્તાન, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, સ્ટ્રીટ લાઇટ, કચરા નિકાલની વ્યવસ્થા, લાયબ્રેરી, ગામનું પ્રવેશ દ્વારા વગેરે જેવા કામોનો સમાવેશ કરાયો છે.

ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનો સંતુલિત ધોરણે વિકાસ થાય તે માટે ગ્રામ્ય વિસ્તારમાં પાયાની માળખાકીય સુવિધાઓનું વ્યવસ્થિત માળખુ ઉભુ કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રામીણ વિકાસની સામુહિક વિકાસની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ હાલ અમલમાં છે. આમ છતાં, સમયની સાથે વિકાસની સતત પ્રક્રિયાને ધ્યાને લઇ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં નવતર વિકાસના કામો થાય તે જરૂરી છે. તે માટે રાજ્યના ગામડાના મુળ વતની અથવા ગામ માટે લાગણી ધરાવતી વ્યકિત જે જિલ્લા / રાજ્ય / દેશ બહાર વસવાટ કરતી હોય અને તેના આર્થિક ઉપાજનમાંથી પોતાના માદરે વતનને મદદરૂપ થવાની ઉત્કૃષ્ઠ ભાવના સાથે ગામમાં જરૂરી આવશ્યક વિકાસના કામો હાથ ધરવા પોતાના ગામ માટે દાન આપી શકે તો તે દાનની સાથે રાજ્ય સરકાર પણ ગામના વિકાસના કામોમાં સહભાગીતા દ્વારા ગામની વ્યક્તિ દ્વારા મળેલ દાન રકમ સામે તેટલી રકમ ગામને આપી સ્થાનિક જરૂરીયાત પ્રમાણે પાયાની માળખાકીય સુવિધાઓ ઉભી કરીને, ગામને સંપુર્ણ આદર્શ ગામ બનાવી શકાય એવા હેતુ સાથે ગામની પાયાની માળખાકીય સુવિધાઓમાં વધારો થાય તેવા કામો હાથ ધરી શકાય તેવી કલ્યાણકારી ભાવના સાથે "માદરે વતન" યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.


# ઐતિહાસિક શહેર અંજાર

કચ્છનું સૌથી જૂનું શહેર એટલે અંજાર. આશરે ૧૪૦૦થી વધુ વર્ષનો ઇતિહાસ ધરાવતા અંજારનો પ્રથમ ઉલ્લેખ વિ. સં. ૬૫૦માં થયો છે. કચ્છના અખાતથી લગભગ ૧૫ કી.મી. અંતરે આવેલું આ શહેર તેના સૂડી અને ચાકુ માટે પ્રસિદ્ધ છે. ૧૮૧૯માં અંજારમાં જબરદસ્ત ધરતીકંપ નોંધાયેલ હતો જેમાં મકાનો તથા જાનમાલની ઘણી ખૂવારી થઇ હતી. ૨૧ જૂલાઈ ૧૯૫૬ અને આ સદીમાં આવેલા ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ધરતીકંપમાં પણ અંજાર ભયાનક રીતે અસરગ્રસ્ત થયું હતું. અનેક ભૂકંપોએ તેને ઘમરોળ્યું છે છતાં દર વખતે ખુમારીથી ઊભું થયું છે.

કચ્છના મહારાવ ખેંગારજી પહેલાએ વિ.સ. ૧૬૦૨ના માગશર વદ આઠમ-રવિવારના દિવસે તોરણ બાંધીને અંજાર શહેરની સ્થાપના કરી હતી. આજે પણ આ દિવસ શહેરના સ્થાપનાદિન તરીકે ધામધૂમથી ઉજવવામાં આવે છે. સ્થાપના પહેલાના સમયમાં આ વિસ્તાર અંજાડવાસ તરીકે ઓળખાતો હતો. અજેપાળના નામ પરથી આ વિસ્તારનું નામ અંજાર પડ્યું તેમ કહેવાય છે. એક મત એવો પણ છે કે સુકાભઠ્ઠ કચ્છમાં અંજારની ફરતે ભૂગર્ભમાં અખૂટ જળ ભંડાર હતો. વાડીઓમાં અનાજ અને ફળોની વિપુલ માત્રામાં પેદાશ થતી. આ શહેર અનાજનું વેપાર કેન્દ્ર ગણાતું. અન્નની મોટી બજાર હતી. તેના પરથી ‘અન્નબજાર’ થયું અને કાળક્રમે તે અંજાર તરીકે ઓળખાવા લાગ્યું.

રાજાશાહી કાળમાં અંજાર શહેર ફરતે ગઢ હતો અને પ્રવેશ માટે પાંચ નાકા હતા. તે અનુક્રમે ગંગા નાકું, દેવાળિયા નાકું, સવાસર નાકું, સોરઠિયા નાકું અને વરસામેડી નાકું તરીકે ઓળખાય છે. શહેરના પ્રાચીન ગઢની દિવાલોના અવશેષ આજે પણ જોવા મળે છે. શહેરના સ્થાપના દિને નગરપતિ દ્વારા ગઢની દિવાલની પૂજા કરવામાં આવે છે. વારંવાર આવેલા ભૂકંપોના કારણે શહેરની પ્રાચીન નગર રચનાના માત્ર અવશેષો જ બચ્યાં છે. ‘કચ્છમાં અંજાર મોટા શહેર છે હો જીરે..’ એ રીતે પ્રાચીન ગીતમાં પણ અંજારનો ઉલ્લેખ સાંભળવા મળે છે.

અજેપાળના નગર અને જેસલ-તોરલની સમાધિના સ્થળ તરીકે ગુજરાતભરમાં પ્રખ્યાત અંજાર શહેર આમ તો તીર્થસ્થાનસમું છે. કચ્છના મહારાવ ખેંગારજીએ ભુજમાં રાજધાની સ્થાપી એ પહેલાં અંજાર રાજધાનીનું શહેર હતું. રાજધાનીનું બિરુદ તો ગયું, પણ



NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)




**અજેપાળ દાદાનું મંદિર**

કચ્છમાં થતા તીવ્ર ભૂકંપોનો મહત્તમ ભોગ હંમેશાં અંજાર જ બનતું રહ્યું છે. ૧૯૫૬ અને ૨૦૦૧ના ભૂકંપોમાં અંજારને સૌથી વધુ નુકસાન થયું હતું.

૧૯૦૧માં અંજારની વસ્તી ૧૮,૦૧૪ હતી. ૧૮૧૬માં અંજાર જિલ્લો તથા શહેર બ્રિટિશ હકુમત હેઠળ આવ્યું પરંતુ, ૧૮૨૨માં વાર્ષિક કરવેરા મારફતે ફરીથી કચ્છ રાજ્ય હસ્તક આવ્યું. ૧૮૩૨માં બ્રિટિશરોને કરવેરા ભરપાઇ કરી ન શકવાના કારણે, અંજાર ફરીથી બ્રિટિશ હકુમત હેઠળ આવ્યું.

અંજાર ખરેખર કેટલાં વર્ષનું થયું? ૧૪૭૫નું, ૧૨૧૫નું, ૧૦૧૬નું કે પછી આજે લોકો માની રહ્યા છે એ ૪૭૫નું? આ વિશે ખૂબ રસપ્રદ કિવંદતીઓ છે. કચ્છના મહારાવ ખેંગારજી પહેલાએ વિ. સં. ૧૬૦૨ની માગશર વદ આઠમના દિવસે અંજારનું તોરણ બાંધ્યું હતું અને એ દિવસને આજે પણ અંજારના જન્મદિવસ તરીકે ઉજવાય છે. એ હિસાબે અંજારને ૪૭૫ પૂરાં થયાં, પરંતુ અંજાર કહેવાય અજેપાળનું. કહેવાય છે કે દરિયાપારના આક્રમણને ખાળવા ચૌહાણ વંશના અજમેરના રાજાના ભાઈ અજયપાળ ચૌહાણે અજમેરથી આવી અંજાર શહેરમાં પોતાનું થાણું સ્થાપ્યું હતું. અહીં હિન્દપારની ચોકી ગોઠવી. તે અજેપાળ વિ. સં. ૭૪૧માં દેવ થયા. સ્વાભાવિક છે કે એ દેવ થયા એ પહેલાં પણ કેટલાંક વર્ષો તે અંજારમાં રહ્યા જ હશે. અંજારમાં તેમનું મંદિર હજી પણ અસ્થાનું સ્થાન ગણાય છે. અંજારમાં એ પીર તરીકે પૂજાય છે. અજેપાળ દેવ થયાને ૧૩૨૫ વર્ષ થયાં. એ પહેલાંના ઇતિહાસને પણ જો ગણતરીમાં લઈએ તો અંજારને ૧૪૭૫ વર્ષ થયાં એમ માનવાને પૂરતા પુરાવા છે. કચ્છનો ઇતિહાસ એમ કહે છે કે સં. ૮૬૨માં અંજારનું તોરણ બંધાયું હતું. તો એ પ્રમાણે ૧૨૧૫ વર્ષ થયાં. બાદમાં કાઠી રાજપૂતોએ ફરીને ૧૦૬૧માં તોરણ બાંધ્યું. એ હિસાબે ૧૦૧૬ વર્ષ થયાં કહેવાય. એક લોકવાયકા મુજબ અંજારનું પહેલા અન્નજાળ નામ હતું કારણ કે સમગ્ર કચ્છમાં સૌથી સમૃદ્ધ ખેતી અંજારમાં હતી. ઉપરાંત બંદર પણ નજીક હોવાથી સમગ્ર કચ્છના શાકભાજી, ફળો અંજારમાં આવતા હોવાથી સૌથી મોટી માર્કેટ પણ અહીં જ હતી. જે સમય જતાં અન્નજાળ નામનો અપભ્રંશ શબ્દ અંજાર બની ગયો હતો.

અંજારનાં અનેક ધાર્મિક સ્થળો કચ્છની સંસ્કૃતિ સાથે વણાયેલાં છે. અજયપાળે (કચ્છમાં અજેપાળ પણ કહેવાય છે) અંજારના રક્ષણ માટે જીવન વ્યતિત કર્યું હતું એથી અંજારમાં તે પીર તરીકે પૂજાય છે. અંજારમાં તેમની સમાધિનું સ્થળ આજે પણ એટલું જ આસ્થાનું સ્થાન છે.

અંજાર શહેરની પાદરે અજેપાળ મંદિરની પૂર્વે આવેલી જેસલ-તોરલની સમાધિ અને લોકકથામાં કરાયેલું એનું વર્ણન પણ મુલાકાતીઓને જિજ્ઞાસા પ્રેરે છે અને સંસારની વિરક્ત ભાવનાઓને જાગૃત કરે છે. અલખની આરાધના જગાડનાર જેસલ-તોરલની અમરગાથા આજે પણ લોકહૃદયમાં તાણાવાણાની માફક ગૂંથાઈ ગઈ છે. ૧૪મી સદીની મધ્યમાં જામ લાખાનો પૌત્ર જેસલ જાડેજા બહારવટિયો બન્યો હતો. લૂંટફાટ અને અનેક લોકોની કતલ ઠંડે કલેજે કરનારો જેસલ કેવી રીતે કાઠી સતી તોરલને મળે છે અને કેવી રીતે તોરલ તેનો હૃદયપલટો કરી તેને પવિત્ર બનાવે છે એ બધું જેસલ-તોરલની લોકકથામાંથી જાણવા મળે છે. નિષ્ઠુર બહારવટિયા જેસલને ઉપદેશ પ્રબોધી તેના અંતરના કમાડ ખોલી તેને પશ્ચાતાપના પુનિત આધ્યાત્મિક માર્ગે વાળનાર સતી તોરલનો ઇતિહાસ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રચલિત લોકકથાઓ અને લોકકાવ્યોમાં અમર બની ગયો છે.

આજથી પાંચેકસો વર્ષ પહેલાં જેસલ અંજર શહેરની 'કજ્જલીવન' નામે ઓળખાતા આંબલીઓના ગીચ વનમાં રહેતો અને 'કચ્છ જો કાળો નાગ' તરીકે ઓળખાતો. સૌરાષ્ટ્રના સાસતિયા કાઠી પાસેથી તોરી ઘોડી લઈ આવવાના ભાભીએ મારેલા મહેણા પરથી આવેલા જેસલને સંત જેવા સાસતિયાએ તોરી શબ્દ પરથી તોરી ઘોડી અને તોરી રાણી બન્ને સોંપી દીધાં. વહાણમાં પાછા વળતાં મધદરિયે તોફાનમાં બેબાકળા બનેલા જેસલને ધીરગંભીર તોરલે પાપોનો પસ્તાવો કરાવી હૃદયપલટો કરાવ્યો અને જેસલે પણ બહારવટું છોડી તોરલને ગુરુ માની અલખની આરાધના શરૂ કરી. આમ, તોરલના સતીત્વ અને ભક્તિ થકી તલવાર ત્યજી તંબુરાના શરણે આવનાર જેસલ જાડેજો જેસલ પીર તરીકે પૂજાયો.



**જેસલ-તોરલની સમાધિ**

હજારો દર્શનાર્થીઓને ભક્તિભાવથી ભીંજવતી આ સમાધિ પરની ઇમારતને યુગના બદલાતા પરિવર્તનમાં આજનું આધુનિક રૂપ આપવામાં આવ્યું છે. કચ્છ અને કચ્છ બહારથી દર વર્ષે હજારો યાત્રિકો અહીં દર્શન કરવા આવે છે. ૨૦૦૧ના ધરતીકંપમાં આ સમાધિનું મંદિર ધ્વસ્ત થઈ ગયું હતું. એનો જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. એક વાયકા એવી છે કે જેસલની સમાધિ દર વર્ષે તલના દાણા જેટલી અને તોરલની સમાધિ દર વર્ષે જવના દાણા જેટલી એકબીજાની નજીક ખસે છે. આ સમાધિ લગભગ એક ફૂટના અંતરે છે. લોકો માને છે જ્યારે આ સમાધિઓ જોડાઈ જશે તે દિવસે મહાપ્રલય આવશે. જેસલ-તોરલની સમાધિએ દર વર્ષે ચૈત્ર સુદ ચૌદસ અને પૂનમના દિવસે મેળો ભરાય છે.



પ્રાચીન ભડેશ્વર મહાદેવનું મંદિર

અંજારમાં ૧૦મી સદીનું પ્રાચીન ભડેશ્વર (ભરેશ્વર) મહાદેવનું મંદિર આવેલું છે જેનું પુરાતત્વિય મહત્વ છે. કલાત્મક કોતરણીથી સુશોભિત આ મંદિરના ગવાક્ષોમાં અષ્ટભુજા અને દશભુજા શિવજીની ત્રિભંગ પ્રતિમાઓ છે. મંદિરના સ્કંધમાં ઉત્તરે શિવ-પાર્વતિ, દક્ષિણે ગણેશ-સિદ્ધિ અને પશ્ચિમે બ્રહ્મા-સાવિત્રીનાં શિલ્પો છે. મંદિરનું ગર્ભગૃહ પ્રાચીન છે જ્યારે એ સિવાયનું બાંધકામ અર્વાચીન છે.

અંજારમાં માધવરાયનું મંદિર અને સ્વામિનારાયણ મંદિર પણ જોવાલાયક છે. ઉપરાંત અહીં અંબા માનું મંદિર પણ આવેલું છે. લોકવાયકા અનુસાર અંજારના દશનામ ગોસ્વામી સમાજના સંત શ્રી સાગરગિરિજી ભદ્રેશ્વરથી ભદ્રકાળી માતાજીની કૃપા મેળવી અંજારમાં લાવ્યા. પીયુ ચાવડાએ વસાવેલું અંજાર નજીકના ભુવડ ગામે ભુવડેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. નજીકના ભીમાસરના ચકાસર તળાવ પાસે હોથલ-પદમણિનાં લગ્ન થયેલાં. જોગણીનાળ પાસે જોગણીનારનું મંદિર પણ આસ્થાનું સ્થાન છે. અહીંનું પબડીયું તળાવ અને મેકમર્ડોનો બંગલો પણ જાણીતા સ્થળો છે.

## કલાત્મક સુડી-ચપ્પુ



અંજાર અને રેહા ગામમાં અસલ કાનસમાંથી બનાવાતા કલાત્મક કોતરણી કામવાળા સુડી-ચપ્પુ પ્રખ્યાત છે જે દેશ-વિદેશથી આવતા સહેલાણીઓ લઈ જતા હોય છે. અહીં સુડી-ચપ્પુ ઉપરાંત તલવાર-ઢાલનો સેટ, કાતર, છરી પણ વેચાણમાં ઉપલબ્ધ છે. અત્યારે કાનસની સુડી રૂ. ૨૦૦થી લઈને રૂ. ૫૦૦ સુધીમાં મળે છે. જ્યારે ચપ્પુ ૧૦૦ રૂપિયાથી લઈને ૨૫૦ રૂપિયા સુધીના ભાવમાં વિવિધ ડિઝાઈનમાં મળે છે. લગ્ન પ્રસંગે ભેટ આપવા માટે લોકો સુડી-ચપ્પુના સેટની પસંદગી કરે છે તેમજ સંસ્થાઓ કાર્યક્રમ પ્રસંગે સેટની ખરીદી કરે છે. કચ્છમાં છેલ્લા કેટલાક વર્ષોથી રણોત્સવ યોજાઈ રહ્યો હોવાથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ભુજની મુલાકાતે આવે છે. તેઓ પણ જથ્થામાં ખરીદી કરતા હોય છે. વર્ષ દરમિયાન સ્થાનિક લોકોની ખરીદીનું પ્રમાણ ઓછુ રહે છે. વર્ષો પૂર્વે મોર, પોપટના આકારની બનેલી સાથે કેટલીક ઝીણી ઝીણી ઘુઘરીઓના રણકારવાળી સુડી અને માછલી તેમજ બોટલ અને કાળા હાથાના હેન્ડલની ડિઝાઈનના ચપ્પુનું ચલણ આજે પણ યથાવત છે.

(Sources & Photos : www.divyabhaskar.co.in, www.gujaratsamachar.com, https://anjarpanchayat.wordpress.com, www.gujaratimidday.com)



અંજાર શહેરનું વિહંગદ્રશ્ય

# ખલીલ ધનતેજવી



ગુજરાતી અને ઉર્દુ ભાષાના જાણીતા કવિ ખલીલ ધનતેજવીનું ૮૨ વર્ષની વયે તાજેતરમાં વડોદરા ખાતે નિધન થયું. ખલીલ ધનતેજવી અમર થઈ ગયા. એક ઉમદા શાયર, કવિ અને લેખક, જેમની ગઝલોમાં જેટલી ઉર્દુ ખીલતી હતી એટલી જ ગુજરાતી પણ મઘમઘતી હતી. ખલીલ ધનતેજવીનો જન્મ વડોદરા જિલ્લાના ધનતેજ ગામમાં ૧૨ ડિસેમ્બર ૧૯૩૮ના રોજ થયો હતો, જ્યાં તેઓએ ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. એ ગામે જ તેમને ધનતેજવી બનાવી દીધા. ગુજરાતી અને ઉર્દુ બન્ને પર ઊંડી પક્કડ ધરાવતા તેઓ એક દુર્લભ સાહિત્યકાર હતા. તેઓ કહેતા કે -

વાત મારી જેને સમજાતી નથી,
એ ગમે તે હોય ગુજરાતી નથી.

ખલીલ ધનતેજવીએ તેમની એક કવિતામાં લખ્યું છે કે, 'ખાલી ગઝલ જો હોય તો ફટકારી મારીએ, આ તો હૃદયની વાત છે, હાંફી જવાય છે'.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ખલીલ ધનતેજવીના નિધનને પગલે ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું, 'ગુજરાતના પ્રખ્યાત કવિ, લેખક અને ગઝલકાર ખલીલ ધનતેજવીના અવસાનથી દુઃખ અનુભવું છું. ગુજરાતી ગઝલને રસપ્રદ બનાવવામાં તેમનું યોગદાન હંમેશા યાદગાર રહેશે. શોકગ્રસ્ત પરિવાર અને એમના વિશાળ ગઝલપ્રેમી ચાહકવર્ગને સાંત્વના..!ઓમ શાંતિ....!!!'

ખલીલ ધનતેજવી સાહિત્યની સાથે સાથે પત્રકારત્વ, પ્રિન્ટિંગ પ્રેસ અને ફિલ્મ નિર્માણ સાથે સંકળાયેલા હતા. તેમને ૨૦૦૪માં કલાપી પુરસ્કાર અને ૨૦૧૩માં વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત ૨૦૧૯માં તેમને નરસિંહ મહેતા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તેમણે નવલકથાઓ લખી હતી જેના પરથી ગુજરાતી ફિલ્મો પણ બની હતી. ખલીલભાઈએ ઘણી ગુજરાતી ફિલ્મોમાં પટકથા લેખક તરીકે પણ કામ કર્યું હતું. છૂટાછેડા ફિલ્મના લેખન અને દિગ્દર્શન માટે તેમને રાજ્યકક્ષાના પુરસ્કારો પણ મળ્યા હતા.

ખલીલ ધનતેજવીનું વતન અને જન્મ સ્થળ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનું ધનતેજ ગામ. પોતાના ગામના નામ પરથી તેમણે અટક રાખી ધનતેજવી. તેમના દાદા તાજમહમદે તેમનું નામ 'ખલીલ' પાડેલું. 'ખલીલ'નો અર્થ મિત્ર. તેમના પિતા ઈસ્માઈલ મૌલવી પાસે ગયા અને દાદાએ સૂચવેલું 'ખલીલ' નામ કહ્યું. મૌલવી સાહેબને એકલું ખલીલ અધુરું લાગ્યું અને તેમણે ખલીલની આગળ ઈબ્રાહીમ જોડવાનું કહ્યું. એ પછી તેમનું નામ પડ્યું ઈબ્રાહીમ ખલીલ.

ખલીલ ધનતેજવીનું બાળપણ (આમ તો આખું જીવન) ખુબ જ મુશ્કેલીઓ, પડકારો અને સંઘર્ષ વચ્ચે વીત્યું છે. તેઓ પાંચ વર્ષના હતા અને મહારાષ્ટ્રના નંદુરબાર ફોઈ-ફૂઆને ધંધામાં મદદ કરવા ગયેલા તેમના પિતાજીનું શીતળા નીકળતાં અવસાન થયું હતું.

દિલમાં ઉઠતા લાગણીઓના ઘોડાપૂરને તેઓ ગઝલોના આકાશમાં એવી રીતે ફેલાવી દેતા જે રીતે કોઈ માતા તડકાથી બચાવવા પોતાના બાળકો પર પ્રેમભર્યો પાલવ પાથરતી હોય. આમ તો એમનું નામ ખલીલ ઈસ્માઈલ મકરાણી હતું, માત્ર ચાર ચોપડી ભણેલા ખલીલસાહેબની અનેક ગઝલોને જાણીતા ગઝલ ગાયક જગજીતસિંહે પણ અવાજ આપ્યો હતો.

ખલીલ ધનતેજવી શરૂઆતમાં ગઝલો મનમાં જ રચતા હતા અને એમને એ યાદ રહી જતી હતી અને એ યાદના સહારે જ તેઓ ગઝલ પાઠ મિત્રોને સંભળાવતા હતા. આ શક્તિ મોટી ઉંમરે મુશાયરાઓમાં પણ કાયમ રહી હતી. પહેલો ગઝલ સંગ્રહ બહાર પાડ્યો, ત્યારે ૧૦૦થી વધારે ગઝલો લખી હતી. ઉર્દૂમાં પણ ઘણી ગઝલો લખી હતી.

ખલીલ ધનતેજવી ગુજરાતી ગઝલનું ટોચનું નામ છે. ગઝલ લેખન અને રજૂઆત બન્નેમાં તેમણે મહારથ હાંસલ કરી છે. તેઓ લેખક, સંપાદક અને તંત્રી રહી ચૂક્યા હતા. તેમની વિવિધ કૃતિઓને અનેક એવોર્ડથી સન્માનિત કરાઈ હતી. કરોડો ચાહકોના હૃદયમાં તેમણે સ્થાન મેળવ્યું હતું.

સાદગી, સારાંશ (૨૦૦૮) અને સરોવર (૨૦૧૮) તેમના ગઝલસંગ્રહ છે જ્યારે ડો. રેખા (૧૯૭૪), તરસ્યાં એકાંત (૧૯૮૦), મીણની આંગળીએ સૂરજ ઊગ્યો (૧૯૮૪), લીલા પાંદડે પાનખર (૧૯૮૬), સન્નાટાની ચીસ (૧૯૮૭), સાવ અધૂરા લોક (૧૯૯૧) અને લીલોછમ તડકો (૧૯૯૪) તેમની નવલકથાઓ છે.

ગઝલની કોઇ મહેફિલમાં જગજિતસિંઘ જ્યારે અબ મૈં રાશન કી કતારોં મેં નઝર આતા હું, અપને ખેતોં સે બિછડને કી સઝા પાતા હું...એ ગઝલ રજૂ કરતા ત્યારે શ્રોતાઓ ડોલી તો ઊઠતા, પણ જો એ સભાગૃહમાં કોઇ ગુજરાતી શ્રોતા પણ હોય તો એના હાથની તાલીનું જોર અને અવાજ જરાક વધારે રહેતો. કારણ કે, આ ગઝલ ગુજરાતના શાયર ખલીલ ધનતેજવીએ લખી હતી. તેઓ સામાજિક મુદ્દાઓ પર પણ લખાણો લખી જાણતા. ખલીલસાહેબે જીવનમાં બીજું કંઈ જ ન લખ્યું હોત અને હિન્દુસ્તાનના મધ્યમવર્ગની વેદનાને વાચા આપતી અને શહેરીકરણના ચક્કરમાં ખેતરથી વિખુટા થયેલા ખેડૂતની વાત કહેતી માત્ર આ એક ગઝલ લખી હોત તો પણ એ અમર થઈ ગયા હોત કે –

અબ મૈં રાશન કી કતારો મેં નઝર આતા હું,
અપને ખેતો સે બિછડને કી સઝા પાતા હું.
ઈતની મહેંગાઈ કે બાઝાર સે કુછ લાતા હું,
અપને બચ્ચો મેં ઉસે બાંટ કે શરમાતા હું.
અપની નિંદો કા લહુ પોંછને કી કોશિષ મેં,
જાગતે જાગતે થક જાતા હું, સો જાતા હું.

અનેક ગઝલો અને લેખો લખી ચૂકેલા ખલીલ, જેઓ તેમને ચાહતા હતા, એમને વાંચતા હતા એમના દિલમાં તેઓ અમર થઈ ગયા છે. એમની આ પંક્તિઓ હંમેશા આપણા મનમાં ગુંજતી રહેશે...

હું ખલીલ આજે મર્યો છું એ પ્રથમ ઘટના નથી,
જિંદગીભર હપ્તે હપ્તે રોજ ચૂકવાયો હતો.

(Source : www.divyabhaskar.co.in)



# ચૈત્રી નવરાત્રી


હિંદુ ધર્મમાં શક્તિની ઉપાસનાના પર્વ નવરાત્રીનું વિશેષ મહત્વ છે. વર્ષમાં ચાર નવરાત્રી આવે છે પરંતુ તેમાં બે નવરાત્રી ગુપ્ત નવરાત્રી હોય છે. જે મહા અને અષાઢ મહિનામાં આવે છે. તો બાકીની બે નવરાત્રી એટલે કે ચૈત્રી નવરાત્રી અને શરદીય નવરાત્રીનું સૌથી વધારે મહત્વ હોય છે. નવરાત્રી દરમયાન મા દુર્ગાના નવ રૂપોની આરાધના કરવામાં આવે છે. ચૈત્ર નવરાત્રીનું મહત્વ એ માટે પણ વધારે હોય છે કે કારણે હિન્દુ પંચાગ અનુસાર ચૈત્ર નવરાત્રીના પહેલા દિવસથી હિન્દુ નવ વર્ષ એટલે કે નવ સંવત્સરની શરૂઆત થાય છે.

આ વર્ષે ચૈત્રી નવરાત્રીની શરૂઆત ૧૩ એપ્રિલથી થઈ રહી છે અને સમાપન ૨૨ એપ્રિલના રોજ થશે. ૧૩ એપ્રિલના રોજ નવરાત્રીની પ્રતિપદા તિથિ છે અને તે જ દિવસે કળશ સ્થાપના કરવામાં આવશે. નવરાત્રીના નવ દિવસોમાં મા દુર્ગાને પ્રસન્ન કરવા માટે તેના નવ રૂપની પૂજા-અર્ચના કરવામાં આવે છે. દરેક દિવસે દેવી દુર્ગાના એક રૂપની પૂજા થાય છે. દેવી દુર્ગાના નવ અલગ અલગ સ્વરૂપ છે. પહેલા દિવસે શૈલપુત્રી, બીજા દિવસે બ્રહ્મચારિણી, ત્રીજા દિવસે ચંદ્રઘંટા, ચોથા દિવસે કુષ્માંડા, પાંચમા દિવસે સ્કંદમાતા, છઠ્ઠા દિવસે કાત્યાયની, સાતમા દિવસે કાલરાત્રી, આઠમા દિવસે મહાગૌરી અને નવમા દિવસે એટલે કે નવરાત્રીના છેલ્લા દિવસે સિદ્ધિદાત્રીના રૂપની પૂજા કરવામાં આવે છે. ચૈત્રી નવરાત્રીના પહેલા દિવસે કળશ કે ઘટની સ્થાપના કરવામાં આવે છે. એવી માન્યતા છે કે કળશ સ્થાપિત કરવાથી ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે છે.

નવરાત્રિમાં દેવી દુર્ગા પૃથ્વી ઉપર આવે છે. અહીં તેઓ નવ દિવસ સુધી વાસ કરીને ભક્તોની સાધનાથી પ્રસન્ન થઇને આશીર્વાદ આપે છે. નવરાત્રિમાં દેવી દુર્ગાની સાધના અને પૂજા-પાઠ કરવાથી સામાન્ય દિવસોની સરખામણીમાં પૂજાનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. માન્યતા છે કે ભગવાન રામજીએ પણ લંકામાં પ્રવેશ કરતાં પહેલાં રાવણ સામે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા માટે દેવીની સાધના કરી હતી. ચૈત્ર નવરાત્રિના પહેલાં દિવસે જ બ્રહ્માજીએ આ સૃષ્ટિની રચના કરી હતી. ચૈત્ર મહિનાના સુદ પક્ષની તૃતીયા તિથિએ મત્સ્ય અવતાર અને નોમ તિથિએ શ્રીરામ અવતાર થયો હતો.

નવરાત્રીમાં મા દુર્ગા જે વાહન ઉપર સવાર થઈને આવે છે તેનું પણ વિશેષ મહત્વ માનવામાં આવ્યું છે. આ વર્ષે ચૈત્રી નવરાત્રીનો આરંભ મંગળવારના દિવસથી થઈ રહ્યો છે અને માટે જ મા ઘોડા ઉપર સવાર થઈને આવશે. આ પહેલા શરદીય નવરાત્રીમાં પણ મા ઘોડા ઉપર સવાર થઈને આવ્યા હતા.

(Source : www.gstv.in)



# અમદાવાદમાં આવેલું પ્રાચીન કાળા રામજી મંદિર

ચૈત્રી નવરાત્રીના સમાપનનો દિવસ એટલે રામ નવમી. ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મ દિવસ. ગુજરાતમાં ભગવાન શ્રી રામના મંદિર ખૂબ ઓછી સંખ્યામાં છે. અમદાવાદના રિલીફ રોડ વિસ્તારમાં આવેલી હાજા પટેલની પોળમાં ભગવાન રામનું આ ઐતિહાસિક મંદિર આવેલું છે. લોકમાન્યતા અનુસાર આ મંદિર ૬૦૦ વર્ષ જુનું છે. અમદાવાદમાં આવેલા આ મંદિરમાં ભગવાન રામની કાળી મૂર્તિ છે. એટલે તે શ્યામ રામજી, કાળા રામ તરીકે પણ ઓળખાય છે. આ મંદિરમાં જવાની વ્યવસ્થા પણ ઘણી ખાસ છે. અહીં જવા માટે આપે ઘરમાંથી પસાર થઇને જવું પડે છે. અંદર ગયા બાદ આપ જોશો કે ત્યાં રામ ભગવાન, સીતા મૈયા અને ભાઈ લક્ષ્મણ એક સાથે બિરાજે છે.

અહીંના પૂજારીનાના જણાવ્યા અનુસાર ભગવાનની આ મૂર્તિની વિશેષતા એ છે કે તેઓ પદ્માસનમાં બિરાજમાન છે. વનવાસ દરમિયાન જ્યારે ભગવાન શ્રીરામ ચિત્રકુટ ગયા હતા ત્યારે ત્રિકાળ સંધ્યા કરતા. આ મંદિરમાં નાના ભાઇ લક્ષ્મણ મોટા ભાઈ રામની રક્ષા કરે તેવું સ્વરુપ છે. સંધ્યા કાળે રામ ભગવાન પદ્માસનમાં બેઠાં હતા ત્યારે કોઈ રાક્ષસો રામ ભગવાનને હેરાન ના કરે તે માટે લક્ષ્મણજી અહીં ભાઈની રક્ષા કરતાં જોવા મળે છે. આ મૂર્તિ એ મુદ્રા જ દર્શાવે છે અને એટલે જ મૂર્તિ પદ્માસન મુદ્રામાં બિરાજમાન છે. આ મંદિર પેશ્વાઇ સમયથી હોવાનું લોકો સ્વિકારે છે. આ મંદિરની પૌરાણિકતા જોતાં તેને હેરીટેજમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભગવાન રામની મૂર્તિ જે કાળા પથ્થરમાંથી તૈયાર કરવામાં આવી છે તે કસોટી પથ્થર કહેવાય છે જેનાંથી ઝવેરીઓ સોનાની પરખ કરે છે. અમદાવાદ શહેરમાં ચાલતી શનિવાર અને રવિવારની હેરિટેજ વોકમાં પણ આ મંદિરના દર્શનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(Source : https://gujarati.news18.com)

